જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૧૧/૨૦૨૧ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૧૫૨/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૬/૧૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૨૭	૦	૧૧૭૨૭	૧૭૮૩૭	૦	૧૭૮૩૭
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૧	૦	૧૨૧	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૪૨૪૪	૨૮	૭૪૨૭૨	૭૫૩૪૨	૨૮	૭૫૩૭૦
કુલ		૯૦૮૨૫	૨૮	૯૦૮૫૩	૯૯૮૫૮	૨૮	૯૯૮૮૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	**MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ**
૧	અમદાવાદ શહેર	૩૫	૪,૩૩,૨૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૩૩	૩,૩૩,૦૦૦/-

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૧૫૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૨ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી, ૧૭૪ લીટર દેશી દારૂ, ૫૩ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૪૩૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૨,૯૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૧૫૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૨૧૫૫/૨૦૨૧**

સાયબર ક્રાઈમઃ શંકરસિંહ બાબુસિંહ ગહેલોત (ઉ.વ.૫૦) (રહે. સમયક ગેલેક્ષી, ઉમા ભવાની મંદીર પાસે જગતપુર) એ તા.૨૬/૧૧/૨૦૨૧ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૨/૨૦૨૧ થી તા.૦૧/૦૫/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિએ શંકરસિહ ગહેલોતના મોબાઈલમાંથી શંકરસિહ ગહેલોતનું બેંકમાં રજીસ્ટર મોબાઈલ નંબરવાળુ સીમકાર્ડ મેળવી લઈ તેના મોબાઇલમાં ઓનલાઇન બેંકીંગની સુવિધા ચાલુ કરી શંકરસિહ ગહેલોતના ખાતામાંથી ઓનલાઇન ટ્રાન્જેકશન કરી કુલ રૂપિયા ૧,૮૦,૬૧૯/- ઉપાડી લઇ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એમ.સરોદે ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૨૧૫૬/૨૦૨૧**

એલીસબ્રીજઃ જૈનમભાઇ સ/ઓ પ્રકાશચન્દ્ર શાહ (રહે. પુજા અભિષેક ફ્લેટ પ્રતમનગર પાલડી) એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૧૧/૨૦૨૧ સવારના ૧૦/૩૦ થી સાંજના ૫/૩૦ વાગ્યા દરમ્યાન એલીસબ્રીજ પ્રતમનગર સુમતીનાથ રેસીડન્સી ખાતે ભાડાના મકાનમાં સાફ-સફાઇના કામ માટે બોલાવેલ બે પુરૂષ ઘરમાંથી સોનાની ચેઇન, સોનાની બુટ્ટી, સોનાનુ પેડલ, ચાંદીનો સીક્કો અને રોકડ રૂપિયા ૮૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૪૨,૦૦૦/- મતાની ચોરી કરી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ડી.પટેલ ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૨૧૫૭/૨૦૨૧**

અમરાઇવાડીઃ કપીલાબહેન દશરથભાઇ પટેલ (રહે. પ્રિતમ પાર્ક વિભાગ-૨ જોગેશ્વરી રોડ અમરાઇવાડી) એ તા.૨૬/૧૧/૨૦૨૧ ના રોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૧૧/૨૦૨૧ ના રોજ પોતાના પિયર મહેસાણા ઉદલપુરથી અમદાવાદ અમરાઈવાડી સુધીની અલગ-અલગ વાહનની મુસાફરી દરમ્યાન અજાણી વ્યક્તિએ કપીલાબહેનના થેલામાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૪,૪૫,૧૯૨/- મતાની ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.જી.બાવા ચલાવે છે.

સોનાનુ મંગળસુત્ર ખેચી તોડી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૨૧૫૮/૨૦૨૧**

નવરંગપુરાઃ શિતલબહેન વા/ઓ ગૌતમભાઇ આસુન્દરા (ઉ.વ.૩૦) (રહે. હેમરેખા શિવમ સોસાયટી સેક્ટર-૨૭ ગાંધીનગર) તા.૨૬/૧૧/૨૦૨૧ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે ઠાકોરભાઇ દેસાઇ હોલ તરફથી નવરંગપુરા નળવાળા સર્કલ તરફ જતા જી.એલ.એસ.કોલેજના ગેટ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક સફેદ રંગના ટુ વ્હીલર પર આવેલ બે પુરૂષ શિતલબહેનના ગળામાંથી સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૧,૩૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ શિતલબહેને નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી દોલતસિંહ નટુભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૨૧૫૯/૨૦૨૧**

વાડજઃ રવિભાઇ માનસિંગભાઇ પરમાર (ઉ.વ.૩૫) (રહે.મહાલક્ષ્મીનગર સ્મશાન હદની બાજુમાં જુના વાડજ) એ અગમ્ય કારણસર તા.૨૬/૧૧/૨૦૨૧ બપોરના ૧૨/૧૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતમાં લાકડાની વળી સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કનુજી બાલસંગજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.